# ...અમને વતન જવા દો નહિ તો ભૂખથી મરી જઈશું

## શામળાજી પાસે યુ.પી અને એમ.પીના શ્રમિકો અટવાયા





લૉકડાઉનનો ત્રીજો તબક્કો ચોથી મેના રોજ અમલી બનશે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને પરપ્રાંતીય મજૂરોને તેમને વતન પહોંચાડવા માટે વ્યવસ્થા ગોઠવવાનો આદેશ કર્યો છે. આ અનુસંધાને ગુજરાત સરકાર પરપ્રાંતીય મજૂરોની નોંધણી કરીને તેમને વતન જવાની વ્યવસ્થા કરી રહી છે. આ માટે સુરત અને અમદાવાદથી ખાસ ટ્રેન પણ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન દરરોજ મોટી સંખ્યામાં અનેક પરપ્રાંતીય શ્રમિકો પગપાળા અને માલવાહક વાહનો મારફતે રાજસ્થાન રાજ્યમાં પ્રવેશ કરવા શામળાજી નજીક આવેલી રતનપુર આંતરરાજ્ય સરહદ પર પહોંચતા રાજસ્થાન પ્રશાસન તંત્રએ રાજસ્થાન સિવાયના તમામ શ્રમિકોને અટકાવી દેતા અને શ્રમિકોની હાલત ''જાયે તો કહા જાયે'' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે અરવલ્લી જિલ્લા તંત્રે પણ શ્રમિકો જે જગ્યાએથી આવ્યા હોય તે જગ્યાએ પરત જવાનો આદેશ કર્યો હોવાથી પરપ્રાંતીયોની હાલત દયનિય બની છે.

શામળાજી નજીક પગપાળા અને ટ્રક, ટેમ્પો જેવા વાહનોમાં વતન જવાની ઉતાવળમાં રતનપુર ચેકપોસ્ટ અટવાયેલા શ્રમિકોએ બંને રાજ્યોના પ્રશાસન તંત્રને આજીજી કરતા લાચાર જણાતા હતા. રાજસ્થાન પ્રશાસન તંત્રે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદો સીલ હોવાથી રાજસ્થાનના શ્રમિકો સિવાય અન્ય રાજ્યના શ્રમિકોને પ્રવેશતા અટકાવતા શ્રમિકોની હાલત દયનિય બની છે પગપાળા વતન જવા નીકળેલા નાના ભૂલકાંઓ અને પત્ની સાથે નીકળેલા શ્રમિક પરિવારો ''અમને વતન નહિ જવા દેવાય તો કોરોનાથી નહિ ભૂખથી મરી જઈશું'' જણાવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચે સંકલનના અભાવને પગલે મજૂરો અટવાયા છે. શામળાજી રતનપુર આંતરરાજ્ય સરહદ પર સવારથી જ લોકો ચાલતા, સાઇકલ કે વાહન પર સાવાર થઈને પહોંચી રહ્યા હતા. બીજી તરફ સરહદ પર જે લોકોને મંજૂરી મળી હતી તેમને જ અંદર લેવામાં આવતા હતા. શ્રમિકોની એક જ માંગણી છે કે ઉત્તર પ્રદેશ સરકાર બહુ ઝડપથી તેમને અહીંથી લઈ જાય. હાલ પૂરતી પોલીસ તરફથી આ લોકોએ તડકામાં ન રહેવું પડે તે માટે મંડપ બાંધીને છાંયડાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## બનાસકાંઠામાં વધુ ૧૦ દર્દીઓ કોરોના સામે વિજય મેળવી ઘરે પરત ફર્યા

બનાસ મેડિકલ કોલેજ કોવિડ ૧૯ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૩૦ કોરોના પોઝીટીવ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. આ કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર બનાસ મેડિકલ કોલેજના નિષ્ણાંત તજજ્ઞોની ટીમ દ્વારા આધુનિક ઉપકરણો અને જરુરી મેડીસીનનો ઉપયોગ કરી અને દર્દી સાથે આત્મીયતાપૂર્વક વર્તન સાથે આપવામાં આવે છે. વધુમાં દર્દીઓ અને કોલેજની પૂરી ટીમ દ્વારા અભિવાદન કરી રજા આપવામાં આવી હતી.

કોરોના સામેના જંગમાં વિજેતા થયેલા તમામ ૧૦ દર્દીઓને ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત આઈએએસ સેક્રેટરી અરુણકુમાર સોલંકી, કલેક્ટર સંદીપ સંગલે, સીડીએમઓ ડૉ. ભરત મિસ્ત્રી, મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. સુનિલ જોશીએ શુભેચ્છાઓ પાઠવી હતી. બનાસ મેડિકલ કોલેજના




તેમના કુટુંબીજનોને કાઉન્સેલીંગ સેવા પણ અપાય છે. તેની ફળશ્રુતિરૂપે આગાઉ વાવ તાલુકાના મીઠાવિચારણ ગામનો એક બાળક અને ગઠામણ ગામના ત્રણ દર્દીઓ સંપૂર્ણ સજા થઇ ઘરે પરત ફર્યા હતા.

જ્યારે અન્ય દસ દર્દીઓના રીપોર્ટ ૨ વાર નેગેટીવ આવતા તેઓને પણ બનાસ મેડિકલ કોલેજમાંથી રજા આપવામાં આવી. આ રજા આપેલા દર્દીઓમાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામના ૬, વાવ તાલુકાના માવસરી ૧, આકોલી ૧, દૈયપ ૧ એમ કુલ ૩ દર્દીઓ હતા, જ્યારે થરાદ તાલુકાના રામપુરા ગામના ૧ આરોગ્યકર્મીનો સમાવેશ થાય છે. આ દર્દીઓને બનાસ મેડિકલ ડૉ. અજીત શ્રીવાસ્તવના નેતૃત્વમાં પૂરી ટીમ અને સરકારની આરોગ્ય ટીમની અસરકારક કામગીરીથી આવા સારા પરિણામ મળેલ છે. બનાસ મેડિકલ કોલેજના તબીબો, નર્સિંગ સ્ટાફ અને સર્વન્ટ્સ તેમજ અન્ય સ્ટાફની પ્રત્યક્ષ અને પરોક્ષ મહેનતને લીધે હોસ્પીટલમાંથી દર્દીઓ સાજા થઇ ઘરે પરત ફરી રહ્યા છે. બનાસ ડેરી દ્વારા સંચાલિત આ હોસ્પિટલમાં કોરોના દર્દીઓની સારવાર મામલે ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળ સતત માર્ગદર્શન અને કાળજી લઈ રહ્યાં છે. કોરોના મહામારી સમયે બનાસકાંઠાના લોકો માટે બનાસ મેડિકલ કોલેજ લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્થાપિત કરી રહી છે.

### ધાનેરા રામપુરા ગામનું તળાવ સુકાઈ જતા

## ૪૦૦૦ જેટલા કાચબાઓ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે



ઉનાળાની શરૂઆત થતા જ બનાસકાંઠા જિલ્લામાં તળાવો સુકાવવા લાગ્યા છે ખેડૂતોના બોરોમાં પાણી ઉંડા જવા લાવ્યા છે.. ધાનેરા તાલુકાના રામપુરા ગામે એક તળાવ આવેલ છે આ તળાવમાં ૪૦૦૦ જેટલા કાચબાઓ વર્ષોથી રહે છે.. ઉનાળો આવતા જ તળાવ સુકાઈ જતા કાચબાઓના અસ્તિત્વ ટકાવી રાખવું મુશ્કેલ બન્યું છે... અત્યારે ૪૦૦૦ જેટલા કાચબાઓ જીવ બચાવવા વહીવટી તંત્રને આજીજી કરી રહ્યા છે. વર્ષો પહેલા જ્યારે તળાવ સુકાઈ જતું ત્યારે ગામ લોકો પોતાના ખેતરના પાણીથી તળાવ ભરતા પરંતુ ખેડૂતોના ખેતરોમાં જ પાણી ઉંડા જતા ખેડૂતો પણ તળાવ ભરી શકતા નથી. જ્યારે સિપુ ડેમની પાઈપ લાઈન આ તળાવમાં મુકેલી છે જો વહીવટી તંત્ર દ્વારા સિપુ ડેમનું પાણી તળાવમાં છોડવામાં આવે તો મોટી સંખ્યામાં કાચબાઓનો જીવ બચાવી શકાય છે તે ઉપરાંત રખડતા પશુઓ પણ તળાવના પાણી થી પોતાની તરસ છીપાવી શકે છે.




કોવિડ-૧૯ના સંક્રમણ કાળના ખોફ વચ્ચે જીવન વિતાવતી પ્રજાને જાગૃત કરવા સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરના જાહેર રોડ માર્ગ ઉપર ગો-કોરોના અને ઘરમાં રહો, સુરક્ષિત રહો તેવા સ્લોગન અને કોરોના વાયરસની પ્રતિકૃતિનું ચિત્રકામ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ-સાબરકાંઠાની ટીમે કરાવ્યુ હતુ. લોકોનું ધઅયાન ખેંચે તેવા આ ચિત્રકામને જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકનાઓએ ખુલ્લુ મુકયુ હતુ.

## અરવલ્લીમાં વધુ બે દર્દીઓ કોરોના સામે જંગ જીત્યા

### બાયડના સાંઠબાના બે દર્દીઓનો રિપોર્ટ નેગેટીવ આવતા વાત્રક કોવિડ હોસ્પિટલમાંથી રજા અપાઇ

અરવલ્લી જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં વ્યાપેલા કોરોના વાયરસ સામે આરોગ્ય વિભાગના અસરકાર કદમથી રવિવારે કોરોના પોઝિટીવના બીજા બે રીપોર્ટ નેગેટીવ આવતાં બાયડની વાત્રક કોવિડ




હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. અરવલ્લીના બાયડ તાલુકામાં સૌ પ્રથમ નોંધાયેલ કોરોના પોઝિટવ પિતા-પુત્રને તા.૧૯ એપ્રિલના રોજ બાયડની વાત્રક હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. આ કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સાઠંબાના ૬૪ તથા ૩૩ વર્ષિય વ્યક્તિના બીજા બે રિપોર્ટ નેગેટીવ આવતા રવિવારે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ત્યાં ઉપસ્થિત ડૉકટરો, નર્સ અને સ્ટાફે તાળીઓથી અભિવાદન કરી હોસ્પિટલમાંથી વિદાય આપી હતી.

જિલ્લામાં કુલ નોંધાયેલા ૧૯ કોરોના પોઝિટીવ દર્દીઓ પૈકી ભિલોડાના એક દર્દીનું મોત થયા બાદ ૧૮ વ્યક્તિઓ સારવાર હેઠળ હતા જે પૈકી ૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતા હાલ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૮ અને બાયડની વાત્રક કોવિડ હોસ્પિટલમાં બે મળી જિલ્લામાં કોરોના પોઝિટીવના ૧૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માના માર્ગદર્શન હેઠળ કોવિડ હોસ્પિટલના નોડલ અધિકારી ડૉ. પ્રવિણ સોલંકી, ક્વોલિટી મેડિકલ ઓફિસર ડૉ.આશિષ નાયક, બાયડ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પરમાર અને તેમની આરોગ્ય વિભાગની ટીમની સુંદર કામગીરી થઈ રહી છે. દર્દીઓની વિદાય વખતે હોસ્પિટલના ડૉકટરો, નર્સ અને કોવિડ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## કુવામાં પડેલ પત્નીને બચાવવા જતાં પતિનું મોત, પત્નીનો બચાવ

ધનસુરા તાલુકાના કરણપુર ગામે કુવામાં પડેલ પત્નીને બચાવવા જતાં પતિનું મોત થવાનો કિસ્સો સામે આવ્યો છે. જ્યારે આ બનાવમાં પત્નીનો બચાવ થયો હતો. આ ઘટના તા.૧-૫-૨૦૨૦ના રોજ કરણપુર ગામે બની હતી. જે અંગે તા. ૨-૫-૨૦૨૦ના રોજ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ધનસુરા તાલુકાના કરણપુર ગામે કોઈ કારણોસર એક મહિલા કુવામાં કુવામાં પડેલ હતી. આ મહિલાને બચાવવા જતાં પ્રવિણભાઈ કોદરભાઈ પાંડોર રહે. કરણપુર તાલુકો ધનસુરા જિલ્લો અરવલ્લીનું પાણીમાં ડુબી જતાં અવસાન થયું હતું. આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ભવનભાઈ કોદરભાઈ પાંડોર રહે. કરણપુર તાલુકો-ધનસુરા જી-અરવલ્લીએ આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. આ અંગે કરાયેલ ફરિયાદના આધારે ધનસુરા પી.એસ.આઈ. કે.એસ. સિસોદીયા અને સ્ટાફે વધુ તપાસ હાથ ધરી હતી.

## ભોલેશ્વરના ચેકડેમમાં ડુબી જતા યુવકનું મોત

હિંમતનગરના ભોલેશ્વર પાસેથી પસાર થતી હાથમતી નદીના ચેકડેમમાં શનિવારે બપોરે ન્હાવા પડેલા એક યુવાનનું ડુબી જવાને કારણે મોત નિપજ્યુ હતુ. જોકે તે અંગે હિંમતનગર પાલિકાના ફાયરબ્રિગેડને જાણ કરાતા જવાનોએ આવીને મૃતદેહને બહાર કાઢી પીએમ માટે બી ડીવીજન પોલીસને સોંપી હતી. આ અંગે ફાયરબ્રિગેડના ઓફિસર પ્રતાપસિંહ દેવડાના જણાવાયા મુજબ શનિવારે બપોરે એક વાગ્યાના સુમારે ભોલેશ્વર નજીક આવેલ હાથમતી નદીના ચેકડેમમાં અજય કનુભાઈ ભીલ (ઉં.વ.૨૧) ગરમીને કારણે નદીમાં ન્હાવા પડ્યો હતો. દરમિયાન ગમે તે કારણસર તે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો જેથી નદી કિનારે ઉભેલા અન્ય લોકોએ તરત જ હિંમતનગર ફાયરબ્રિગેડને જાણ કરીને બોલાવી હતી. ત્યારબાદ સવા એક વાગ્યાના સુમારે ફાયરબ્રિગેડના જવાનોએ ચેકડેમમાં પડી ડુબી ગયેલા અજય ભીલના મૃતદેહને બહાર કાઢી હતી. ત્યારબાદ પીએમ માટે આ મૃતદેહને બીડીવીજન પોલીસને સોંપાયા બાદ મૃતકના વાલીવારસોને પણ જાણ કરવામાં આવી હતી.



### ખેડબ્રહ્માના વાસણા રોડ પર સરકારી કામોમાં સોશિયલ ડિસ્ટન્ટનો અભાવ

ખેડબ્રહ્મા નગર પાલિકા ઘ્વારા વાસણા રોડ પર કરોડો રૂપિયા ના ખર્ચે નવીન રોડ બનાવાનું શરૂ કરવમાં આવ્યું હતું પણ લોક ડાઉનના કારણે કામ બંધ હતું બે દિવસથી નગર પાલિકા એ કામ શરૂ કરાવ્યું છે પણ સરકારી ગાઈડ ની લાઈન કામ ન કરી રહેલાં મજૂરોને માસ્ક પહેરાવવા મા આવ્યા નથી અને સોશ્યલ ડિસ્ટનસ્ટ નો અભાવ દેખાઈ રહ્યો છે નગર પાલિકા ઘ્વારા શહેરમાં માસ્ક વગરના લોકો પાસે હજારો રૂપિયા નો દંડ વસૂલી રહી છે જ્યારે જાતે પાલન કરવામાં ઉણી ઉતરી છે.



### વાસણા ગામે ટેટી-તરબૂચના વેચાણને લઈ ભારે વિવાદ

ડીસા તાલુકાના વાસણા ગામે સરકારે ખેડૂતોની ટેટી અને તરબૂચ વેચવા કુળદેવી કોલ્ડ સ્ટોરેજ ફાળવ્યું છે, જ્યાં છેક અમદાવાદ-જયપુરથી લોડિંગ ગાડીઓ ખરીદી અર્થે આવે છે. ખેડૂતોની ગાડીઓ પણ વેચણાર્થે આવે છે. જેના કારણે વાહનો સાથે લોકોનો જમેલો થતા સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડે છે જેના કારણે ગામ માથે કોરોનાનું સંકટ મંડરાયું છે. ગતરોજ નાયબ કલેકટર અને મામલતદારે આ કોલ્ડ સ્ટોરેજની મુલાકાત લીધી હતી. તેમછતાં આજે પણ અહીં સોશ્યલ ડિસ્ટન્સ સહિત સરકારના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. જેથી કોરોનાનું સંક્રમણ અચાનક વધી જવાની પૂરેપૂરી શકયતા છે તેવો રોષ સરપંચે ઠાલવ્યો હતો. આ બાબતે જવાબદારતંત્ર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.